| અપીલ નંબર અને તારીખ | વિષય | હુકમ નંબર અને તારીખ |
|---|---|---|
| નં.સી/આરટીઆઈ/એફએપી/૦૨<br>તા.૨૯/૦૫/૨૦૧૨ | આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ સૈયદપુરા માર્કેટ, કુંભારવાડાના મહોલ્લામાં રહેઠાણ વિસ્તારમાં નોંધ નં.૧૨/૨૪૪૧ ને વસીમ ચીકન એન્ડ એગ્સ સેન્ટર નામે જીવતી મરઘી કાપીને વેચાણ કરવાનો પરવાનો આપશ્રીની કચેરીના માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટે સદર મિલ્કત કોર્મશીયલ ન હોવા છતાં આપવા અંગેની તથા મજકુર મિલ્કત અરજીની અંતિમ કાર્યવાહી અંગેની માહિતીની નકલ આપવા બાબત. | નં.સી/૯૭૯<br>તા.૩૦/૦૬/૨૦૧૨ |
| નં.સી/આરટીઆઈ/એફએપી/૦૩<br>તા.૨૯/૦૫/૨૦૧૨ | આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી તા.૩૦/૦૩/૨૦૧૨ ના રોજ સામેવાળા સુરત મહાનગરસેવાસદન ૧ થી ૧૧ વિરૂધ્ધ આઈ.પી.સી. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી, ૧૧૪ અને એટ્રોસીટી એકટની ૩(૧૦) મુજબના ગુન્હાઓ અંગેની અરજીમાં અમો અરજદારના સામેવાળાનાં નિવેદનો અને સદર અરજી અંગેની કાર્યવાહી અંગેની માહિતીની નકલો આપવા બાબત. | નં.સી/૯૭૮<br>તા.૩૦/૦૬/૨૦૧૨ |
| નં.સી/આરટીઆઈ/એફએપી/૦૫<br>તા.૦૪/૦૭/૨૦૧૨ | સુરત મહાનગરપાલિકાના મે.કમિશનરશ્રીને મે. અગ્રસચિવશ્રી (શ.વિ.) ના તા.૩૦/૦૪/૨૦૧૨ ના પત્ર/ક્રમાંક/ સમન/૧૦૨૦૧૨/ ૧૮૫૨/પી થી અમો અરજદારની આર.ટી.આઈ. એકટની અરજી માજી સ્ટેન્ડીગ કમિટીના અધ્યક્ષ શ્રી મુકેશ ચંદ્રકાંત દલાલ હવે કોર્પોરેટર વિશેની અરજી અંગેની સચિવશ્રીના આજ્ઞાનુસાર કાર્યવાહી કરવાની રજુઆત સોંપેલ. તેની કાર્યવાહી કયાં સુધી પહોંચી છે અને સંપુર્ણ આખરી કાર્યવાહી અંગેની નકલો આપવા બાબત. | નં.સી/૧૬૨૩<br>તા.૨૨/૦૮/૨૦૧૨ |

નં.સી/આરટીઆઈ/એફએપી/૦૨
તા.૨૯/૦૫/૨૦૧૨

અરજદાર :– શ્રી નરેશભાઈ એન. બથવાર
સામાવાળા :– પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી

ફરીયાદની હકીકત :–

| | | |
|---|---|---|
| વિષય | :– | આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી તા.૦૬/૦૩/૨૦૧૨ ના રોજ સૈયદપુરા માર્કેટ, કુંભારવાડાના મહોલ્લામાં રહેઠાણ વિસ્તારમાં નોંધ નં.૧૨/૨૪૪૧ ને વસીમ ચીકન એન્ડ એગ્સ સેન્ટર નામે જીવતી મરઘી કાપીને વેચાણ કરવાનો પરવાનો આપશ્રીની કચેરીના માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટે સદર મિલ્કત કોર્મશીયલ ન હોવા છતાં આપવા અંગેની તથા મજકુર મિલ્કત અરજીની અંતિમ કાર્યવાહી અંગેની માહિતીની નકલ આપવા બાબત. |
| સંદર્ભ | :– | અરજદાર મજકુરની તા. ૧૭.૦૫.૨૦૧૨ ની અપીલ નં.સી/આરટીઆઈ/ એફએપી/૦૨/૨૦૧૨–૧૩ |

શ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા તા.૦૫/૦૪/૨૦૧૨ ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૯ થી મુધ્દા નં. ૧ : અરજદાર મજકુરે " અમો અરજદારે તા. ૬/૩/૨૦૧૨ ના રોજ સૈયદપુરા માર્કેટ, કુંભારવાડાનાં મહોલ્લામાં રહેઠાણ વિસ્તારમાં મિલ્કત નોંધ નં.૧૨/૨૪૪૧ ને વસીમ ચીકન એન્ડ એગ્સ સેન્ટર નામે જીવતી મરઘી કાપીને વેચાણ કરવાનો પરવાનો આપશ્રીની કચેરીના માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટે સદર મિલ્કત કોર્મશીયલ ન હોવા છતાં આપવા અંગેની તથા મજકુર મિલ્કત અરજીની અંતિમ કાર્યવાહી અંગેની માહિતીની નકલ આપવા " બાબતે નમુના – ' જ ' માં મ્યુનિ.કમિશનરશ્રી, સક્ષમ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશી અપીલ અરજી કરી છે. જેમાં અપીલ માટેના આધારો " ધી બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની માર્કેટ કલમ વિરૂધ્ધનો પ્રત્યુત્તર એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, સેન્ટ્રલ ઝોન અને જાહેર માહિતી અધિકારીશ્રીએ આપેલ છે. મુધ્દા નં. ૨ અંગેની કોઈપણ જાતની માહિતી આપવાની દરકાર કરવામાં આવેલ નથી અને આરટીઆઈ એકટનો ભંગ કરેલ છે. જેનાથી નારાજ થઈ આ પ્રથમ અપીલ કરેલ છે" તેમ જણાવેલ છે. તે અપીલ અરજી સેકશન ઓફિસરશ્રી, સેન્ટ્રલ ઝોનનાં તા.૧૭/૦૫/૨૦૧૨ નાં નં.સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/આઉટ/નં.૪૦૬ થી સેકશન ઓફિસરશ્રી(માર્કેટ વિભાગ) તેમજ પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીને રવાના કરી તે અંગે ઘટતિ કાર્યવાહી ધરવા વિનંતી કરી છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલનાં મુદ્દા અંગે પણ પક્ષ રજુ કરવા પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ને તા.૨૯/૦૫/૨૦૧૨ ના પત્ર નં.સી/આરટીઆઈ/એફએપી/૦૨ થી જણાવવામાં આવેલ. જે પરત્વે પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) તરફથી કોઈ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી.

સદરહું અપીલ અરજી સંદર્ભે તા.૧૨/૦૬/૨૦૧૨ નાં રોજ બપોરે ૧૨–૩૦ કલાકે રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર પોતે કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી અને પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) પાસેથી ઉપલબ્ધ વિગતોની ચકાસણી કરતાં અરજદારની તા.૫/૪/૨૦૧૨ ની બાબત હેઠળની માહિતી અંગેની અરજી નમુના–ક માં મે.કમિશનરશ્રી, સક્ષમ સત્તાધિશી અપીલ અધિકારી, સેવા સદનને ઉદેશી તા.૪/૫/૨૦૧૨ ની ઉકત –૨ મુધ્દાઓ બાબત હેઠળની માહિતી માંગતી અરજી નમુના ' ક ' માં મે.કમિશનરશ્રી, જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશી મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન ખાતે કરેલ અરજી કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના તા.૭/૪/૨૦૧૨ ના પત્ર નં. સેન્ટ્રલ ઝોન / આરટીઆઈ/જા.૪૬ થી (૧) એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, માર્કેટ વિભાગ તેમજ (૨) પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીને નમુના ' ખ ' માં તબદીલ કરવામાં આવેલ.

અરજદાર મજકુરની માહિતી માંગતી અરજીથી જે માહિતી માંગવામાં આવેલ છે તે પૈકી મુધ્દા – ૧ સંદર્ભની અરજદારની તા.૬/૩/૨૦૧૨ ની અરજી જે મ્યુનિ.કમિશનરશ્રીને ઉદ્દેશીન કરવામાં આવેલ અરજી તે પરત્વે જરૂરી કાર્યવાહી કરવાની બાબત જે તે સંબંધિત ખાતા ધ્વારા કરવાની રહેતી હોય, તે હકીકત ધ્યાને લેતા પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી ધ્વારા અરજદારને તા.૬/૩/૨૦૧૨ ની

મિલકત નોંધ નં. ૧૨/૨૪૪૧ ખખડીત – જર્જરીતની આપશ્રીની કચેરી પાસે કયા આધાર કે રીપેરીંગની મંજુરી વગર મિલકતની પાછળ સીમેન્ટ – ઈંટ રેતીથી દિવાલની બાજુ નમે તેમ છે તે બાજુ લોખંડના ગડર આડા અને ઉભા ગોઠવી સીમેન્ટ, રેતી અને પથ્થરથી ઢાંકી દીધેલ છે અને ઉપરના માળે છત ઉપર બે પાણીના ટાંકા ગોઠવી સમારકામ કરવા અનુસંધાન બાબતની ફરીયાદ વિષયેની અરજી પ્રસ્થાપિત રીતિ – પ્રથા અનુસાર યથાપ્રસંગ અરજીના વિષયવસ્તુને ઘ્યાને રાખી નં. ડી/૯૪, તા.૬/૩/૨૦૧૨ થી ઝોનલ ચીફશ્રી, સેન્ટ્રલ ઝોનને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવી હોવાનું જણાય છે અને તે મતલબની દફતરી માહિતી તા.૨૧/૪/૨૦૧૨ ના પત્ર નં.સી/૭૮ થી અરજદારને જણાવવામાં આવેલ છે.

વધુમાં, અરજદારની ઉકત અપીલ અરજીના મુધ્દા નં.૨ થી દર્શાવેલ મુધ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાના ૧ થી ૧૧ સામેવાળા વિરૂધ્ધ કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી, ૧૧૪ અને એટ્રોસીટી એકટની કલમ ૩(૧૦) મુજબ ગુન્હા અંગેની ફરીયાદની નકલ આપેલ જેની અંતિમ આપશ્રી મહેરબાન કમિશનરશ્રીની કાર્યવાહી અંગેની માહિતીની નકલ આપવા બાબતે અરજદારની તા.૧૭/૫/૨૦૧૨ ની તે જ મુધ્દા બાબતે કરેલ અપીલ સંદર્ભે અલગથી કાર્યવાહી કરવામાં આવી જ છે તે અનુસાર અરજદાર મજકુરે મીહતી માંગતી અરજીથી જે માહિતી માંગવામાં આવેલ છે તે અરજીની નકલ મ્યુ.કમિશનરશ્રીને પણ ઉદ્દેશી અરજી કરેલ હોય, તેવું પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ના જવાબ પરથી ફલીત થાય છે. તેવા સંજોગોમાં સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવતી અરજી પરત્વે જરૂરી કાર્યવાહી કરવાની બાબત જે તે સંબંધિત ખાતા ધ્વારા કરવાની રહેતી ઓય છે તે હકીકત ધયાને લેતાં, પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ધ્વારા અરજદારની તા.૩૦/૩/૨૦૧૨ ની મહાનગરપાલિકાના ૧ થી ૧૧ અધિકારી વિરુધ્ધ પગલાં લેવા બાબતની ઉપર દર્શાવેલ મુળ અરજી પ્રસ્થાપિત રીતિ / પ્રથા અનુસાર યથાપ્રસંગ ડી/૧૦૭૧૯ થી તા.૩૦/૩/૨૦૧૨ ના રોજ મે.કમિશનજરશ્રી તે બાદમાં તા.૩૧/૩/૨૦૧૨ ના રોજ ડે.કમિશનરશ્રી(સ્પે.) મારફત તા.૩૧/૩/૨૦૧૨ ના રોજ પર્સોનલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવી હોવાનું જણાય છે અને તે મતલબની દફતરી માહિતી તા.૨૧/૪/૨૦૧૨ ના પત્ર નં.સી/૭૭ થી અરજદારને જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫/૪/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકાર ધ્વારા અરજદારની તા.૬/૩/૨૦૧૨ ની અરજી સંબંધે તા.૨૧–૪–૨૦૧૨ ના નં.સી/૭૮ થી તેમજ અરજદારની તા.૩૦/૩/૨૦૧૨ ની અરજી સંદર્ભે અંતિમ કાર્યવાહી અંગેની માંગ્યાનુસારની માહિતી સંદર્ભે તા.૨૧/૪/૨૦૧૨ ના પત્ર નં.સી/ ૭૮ થી આપવામાં આવેલ દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીનાં કાર્યક્ષેત્રની મર્યાદા ઘ્યાને લેતાં વ્યાજબી અને સુસંગત હોવાનું જણાય છે.

મધ્યસ્થ કચેરી ધ્વારા મુધ્દા નં.૧ સદર્ભેની અરજદારની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન) ને તબદીલ થયેલ હોય તેમજ મુધ્દા નં.૨ અંગેની અરજદારની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, રીક્રુટમેન્ટને તબદીલ થયેલ હોય તેઓ ધ્વારા આપેલ માહિતી સંદર્ભે તેટલા અંશે અપીલ અંગે કાર્યવાહી જે તે સંબંધિત અપીલ અધિકારીએ કરવાની રહે છે.

સબબ મધ્યસ્થ કચેરીના કાર્યક્ષેત્ર સંબંધી વિશેષ કશું કરવાનું રહેતું ન હોય, તેટલા પુરતી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.સી/૯૭૯
તા.૩૦/૦૬/૨૦૧૨

અપીલ સત્તાધિકારી અને
ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)
સુરત મહાનગરપાલિકાપ્રતિ

(૧) પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી(મધ્યસ્થ કચેરી) પ્રતિ,.. જાણ તથા અમલ માટે.
(૨) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર પ્રતિ,... જાણ સારું.
(૩) અપીલ સત્તાધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) / અપીલ સત્તાધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) પ્રતિ,.. જાણ તથા અમલ માટે.
(૪) અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન ) પ્રતિ,... જાણ સારું.

નં.સી/આરટીઆઈ/એફએપી/૦૩
તા.૨૯/૦૫/૨૦૧૨

અરજદાર :– શ્રી નરેશભાઈ એન. બથવાર
સામાવાળા :– પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી

**ફરીયાદની હકીકત :–**

| | | |
|---|---|---|
| વિષય | :– | આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર તરફથી તા.૩૦/૦૩/૨૦૧૨ ના રોજ સામેવાળા સુરત મહાનગરસેવાસદન ૧ થી ૧૧ વિરૂધ્ધ આઈ.પી.સી. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી, ૧૧૪ અને એટ્રોસીટી એકટની ૩(૧૦) મુજબના ગુન્હાઓ અંગેની અરજીમાં અમો અરજદારના સામેવાળાનાં નિવેદનો અને સદર અરજી અંગેની કાર્યવાહી અંગેની માહિતીની નકલો આપવા બાબત. |
| સંદર્ભ | :– | અરજદાર મજકુરની તા.૧૭–૫–૨૦૧૨ ની અપીલ નં.સી/ આર.ટી.આઈ./એફએપી/૦૩/૨૦૧૨–૧૩ |

શ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા તા.૦૫/૦૪/૨૦૧૨ ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૨૦ થી, " અરજદાર મજકુરે, આપશ્રીની કચેરીમાં તા.૩૦/૦૩/૨૦૧૨ ના રોજ સામેવાળા સુરત મહાનગર સેવાસદનનાં ૧ થી ૧૧ વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી, ૧૧૪ અને એટ્રોસીટી એકટની ૩(૧૦) મુજબના ગુન્હાઓ અંગેની અરજીની અંતિમ કાર્યવાહી અંગેની માહિતીની નકલો આપવા બાબતે, નિયત સમયમર્યાદામાં નમૂના 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી. તેમ જણાવી નમૂના 'જ' માં મ્યુનિ. કમિશનરશ્રી, સક્ષમ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગર સેવા સદનને ઉદ્દેશી કરેલ અપીલ અરજી સેકશન ઓફિસરશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૧૭/૦૫/૨૦૧૨ ના નં.સેન્ટ્રલ ઝોન/આર.ટી.આઈ./આઉટ નં.૪૦૫ થી સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ / રીક્રુટમેન્ટ વિભાગ તેમજ પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી એટલે કે તમામ જાહેર માહિતી અધિકારીને રવાના કરી, તે અંગે ઘટતિ કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરી છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ પક્ષ રજુ કરવા પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) નાં તા.૨૯/૦૫/૨૦૧૨ નો પત્ર નં.સી/આરટીઆઈ/ એફએપી/૦૩ થી જણાવવામાં આવેલ. જે પરત્વે પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) તરફથી કોઈ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી.

સદરહું અપીલ અરજી સંદર્ભે તા.૧૨/૦૬/૨૦૧૨ નાં રોજ બપોરે ૧૨–૩૦ કલાકે રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર પોતે કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી અને પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ કચેરી) પાસેથી ઉપલબ્ધ વિગતોની ચકાસણી કરતાં અરજદારની તા.૦૫/૦૪/૨૦૧૨ ની બાબત હેઠળની માહિતી માંગતી અરજી નમુના–'ક' માં મે.કમિશનરશ્રી, સરકારી સક્ષમ અધિકારીશ્રી, સુરત કમિશનર ભવન, અઠવાલાઈન્સ, સુરત–૧ ને ઉદ્દેશી તેઓ અરજદારની તા.૩૦/૦૩/૨૦૧૨ નાં રોજની અરજીની અંતિમ કાર્યવાહીની નકલ આપવા બાબતે સંબંધિત વિભાગ એસ.સી.એસ.ટી., સેલ, સગરામપુરા, સુરત દર્શાવી મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન ખાતે કરેલ અરજી ડે.ઈજનર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના તા.૦૭/૦૪/૨૦૧૨ ના પત્ર નં.સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/જાવક/૪૪ થી શહેર પોલીસ ખાતાના સંબંધિત વિભાગના જાહેર માહિતી અધિકારીને રવાના કરવાના બદલે પ્રથમશ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ને નમૂના–'ખ' માં તબદીલ કરવામાં આવેલ.

અરજદાર મજકુરે માહિતી માંગતી અરજીથી જે માહિતી માંગવામાં આવેલ છે તે અરજીની નકલ મ્યુ.કમિશનરશ્રીને પણ ઉદ્દેશી અરજી કરેલ હોય, તેવું પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ના જવાબ પરથી ફલીત થાય છે. તેવા સંજોગોમાં સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવતી અરજી પરત્વે જરૂરી કાર્યવાહી કરવાની બાબત જે તે સંબંધિત ખાતા ધ્વારા કરવાની રહેતી હોય છે તે હકીકત ધ્યાને લેતાં, પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ધ્વારા અરજદારની તા.૩૦/૦૩/૨૦૧૨ ની મહાનગરપાલિકાનાં ૧ થી ૧૧ અધિકારી વિરુધ્ધ પગલાં લેવા બાબતની ઉપર દર્શાવેલ મુળ અરજી પ્રસ્થાપિત રીતિ / પ્રથા અનુસાર યથાપ્રસંગ નં.ડી/૧૦૭૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૨ ના રોજ મે.કમિશનરશ્રી તે બાદમાં તા.૩૧/૦૩/૨૦૧૨ ના રોજ ડે.કમિશનરશ્રી(સ્પે.) મારફત તા.૩૧/૦૩/૨૦૧૨ ના રોજ પર્સોનેલ ઓફિસર(મધ્યસ્થ મહેકમ) વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવી હોવાનું જણાય છે અને તે મતલબની દફતરી માહિતી તા.૨૧/૦૪/૨૦૧૨ ના પત્ર નં.સી/૭૭ થી અરજદારને જણાવવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫/૦૪/૨૦૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની તા.૩૦/૦૩/૨૦૧૨ ની અરજી સંબંધે અંતિમ કાર્યવાહી અંગેની માંગ્યા મુજબની માહિતી દફતરી માહિતી આપવામાં આવી છે જે વ્યાજબી અને સુસંગત હોવાનું જણાય છે.

મધ્યસ્થ કચેરી ધ્વારા લાગત ખાતાને તબદીલ થયેલ અરજી પરત્વે આપવામાં આવેલ માહિતી તથા તે સંદર્ભે અપીલમાં દર્શાવ્યાનુસાર સામેવાળા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ) ના સંદર્ભે, તેટલા અંશે અપીલ અંગે કાર્યવાહી જે તે સંબંધિત અપીલ સત્તાધિકારીએ કરવાની રહે છે.

સબબ મધ્યસ્થ કચેરીના કાર્યક્ષેત્ર સંબંધી વિશેષ કશું કરવાનું રહેતું ન હોય, તેટલા પુરતી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.સી/૯૭૮
તા.૩૦/૦૬/૨૦૧૨

અપીલ સત્તાધિકારી અને
ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી(મધ્યસ્થ કચેરી) પ્રતિ,.. જાણ તથા અમલ માટે.
(૨) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર પ્રતિ,... જાણ સારું.
(૩) અપીલ સત્તાધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ) / અપીલ સત્તાધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) પ્રતિ,.. જાણ તથા અમલ માટે.

નં.સી/આરટીઆઈ/એફએપી/૦૫
તા.૦૪/૦૭/૨૦૧૨

અરજદાર :– શ્રી નરેશભાઈ એન. બથવાર
સામાવાળા :– પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી

**ફરીયાદની વિગત :–**

વિષય : સુરત મહાનગરપાલિકાના મે.કમિશનરશ્રીને મે. અગ્રસચિવશ્રી (શ.વિ.) ના તા.૩૦/૦૪/૨૦૧૨ ના પત્ર/ક્રમાંક/ સમન/૧૦૨૦૧૨/ ૧૮૫૨/પી થી અમો અરજદારની આર.ટી.આઈ. એકટની અરજી માજી સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ શ્રી મુકેશ ચંદ્રકાંત દલાલ હવે કોર્પોરેટર વિશેની અરજી અંગેની સચિવશ્રીના આજ્ઞાનુસાર કાર્યવાહી કરવાની રજુઆત સોંપેલ. તેની કાર્યવાહી કયાં સુધી પહોંચી છે અને સંપુર્ણ આખરી કાર્યવાહી અંગેની નકલો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૦૪/૦૭/૨૦૧૨ ની અપીલ નં.સી/આરટીઆઈ/ એફએપી/૦૫/૨૦૧૨–૧૩

શ્રી નરેશભાઈ એન. બથવાર ઘ્વારા તા.૨૯/૦૫/૨૦૧૨ ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૩૫૮ થી અરજદાર મજકુરે, મે.કમિશનરશ્રીને ઉદ્દેશીને મે. અગ્રસચિવશ્રી (શ.વિ.) ના તા.૩૦/૦૪/૨૦૧૨ ના પત્ર/ક્રમાંક/ સમન/૧૦૨૦૧૨/ ૧૮૫૨/પી થી અમો અરજદારની આર.ટી.આઈ. એકટની અરજી માજી સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ શ્રી મુકેશ ચંદ્રકાંત દલાલ હવે કોર્પોરેટર વિશેની અરજી અંગેની સચિવશ્રીના આજ્ઞાનુસાર કાર્યવાહી કરવાની રજુઆત સોંપેલ. તેની કાર્યવાહી કયાં સુધી પહોંચી છે અને સંપુર્ણ આખરી કાર્યવાહી અંગેની નકલો આપવા બાબતે નિયત સમયમર્યાદામાં પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી નમુનો–'જ' માં મ્યુનિ.કમિશનરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રી, સુરત મહાનગર સેવાસદનને ઉદ્દેશીને કરેલ અપીલ અરજી નં. સી.સી.સી/સે.ઝોન/આઉટ/૩૮૦, તા.૦૪/૦૭/૨૦૧૨ થી અપીલ અધિકારીશ્રી (મધ્યસ્થ કચેરી) ને રવાના કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ પક્ષ રજુ કરવા પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી(મધ્યસ્થ કચેરી) ના તા.૧૮/૦૭/૨૦૧૨ ના પત્ર નં.સી/આરટીઆઈ/એફએપી/૦૫ થી જણાવવામાં આવેલ. જે પરત્વે પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) તરફથી તા.૧૩/૦૮/૨૦૧૨ ના રોજ જવાબ રજુ કરવામાં આવેલ છે.

ઉકત રજૂ કરવામાં આવેલ જવાબની વિગતો ઘ્યાને લેતાં, અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર તરફથી આઈ.ડી.નં.૩૫૮, તા.૨૯/૦૫/૨૦૧૨ થી અગ્રસચિવશ્રી(શ.વિ.) ના તા.૩૦/૦૪/૨૦૧૨ ના પત્રક્રમાંક : સમન/૧૦૨૦૧૨/૧૮૫૨/પી થી મે.કમિશનરશ્રીને ઉદ્દેશીને માજી સ્ટેન્ડીંગ સમિતિના અધ્યક્ષશ્રી મુકેશ ચંદ્રકાંત દલાલ હવે ફકત કોર્પોરેટર વિષેની અરજી અંગેની સચિવશ્રીની આજ્ઞાનુસાર કાર્યવાહી કરવાની રજુઆત કરેલ. જેની કાર્યવાહી કયાં સુધી પહોંચી છે અને સંપુર્ણ આખરી કાર્યવાહી અંગેની માહિતીની નકલ આપવા બાબત ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) ને અરજી કરેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન તરફથી સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૫૪૫, તા.૩૦/૦૫/૨૦૧૨ થી પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) ને તબદીલ કરેલ.

સદર અરજીમાં સામેલ પત્રની વિગત જોતાં, જે જી–સંકલન/૨૬૦, તા.૧૧/૦૫/૨૦૧૨ થી નોંધાયેલ છે. સદર પત્રની વિગતો ઘ્યાને લેતાં, ડે.કમિશનરશ્રીના પી.એ. તરફથી જણાવ્યાનુસાર સદર અરજી ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગમાં મોકલેલ હોવાનું જણાવેલ છે.

અરજદારે સામેલ કરેલ વિગત ધ્યાને લેતાં, સદર અરજી સેક્રેટરી વિભાગને લાગત મુદ્દો હોવાની સંભાવનાને કારણે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, સેક્રેટરી વિભાગને તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગને અત્રેના પત્ર નં.સી/૬૮૭, તા.૦૬/૦૬/૨૦૧૨ થી તબદીલ કરવામાં આવેલ. જે ટપાલ સેક્રેટરી વિભાગમાં સ્વીકારવામાં આવેલ, પરંતુ ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગ તરફથી ટપાલ સ્વીકારવાની ના પાડી પરત કરેલ. જે અંગે આગળ કોઈ કાર્યવાહી / રજુઆત કરેલ નથી તેવું પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ કચેરી) એ જણાવ્યું છે.

ઉકત સઘળી હકીકત ધ્યાને લેવા ઉપરાંત દરમ્યાનના સમયમાં મદદનીશ જાહેર માહિતી અધિકારી સાથે થયેલ રૂબરૂ ચર્ચામાં જાણવા મળેલ કે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(ઈલે.એન્ડ સેન્સસ) ખાતાનાઓએ ટપાલ સ્વીકાર્યા વગર પરત કરેલ હોવાનું જાણમાં આવતા મહાનગરપાલિકાના વહીવટી હીતનો મુદ્દો ધ્યાને રાખી ડે.કમિશનરશ્રી સાથે તે બાબત રૂબરૂ ચર્ચા કરવામાં આવતા તેઓશ્રી ધ્વારા અરજદારને તા.૦૮/૦૮/૨૦૧૨ ના પત્રક્રમાંકઃસી/ડીસી/૧૫૧૩ થી માહિતી પાઠવવામાં આવી હોવાનું જણાવી પત્રની નકલ પણ જાણકારી માટે પૂરી પાડવામાં આવી છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉકત ઉલ્લેખિત ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૫/૨૦૧૨ ની માહિતી માંગતી અરજી પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા લાગત જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરવામાં આવી છે અને તે અંગે તા.૦૬/૦૬/૨૦૧૨ ના નં.સી/૬૮૭ થી અરજદારને પણ જાણ કરવામાં આવેલ છે જે વ્યાજબી હોવાનું જણાય છે.

મધ્યસ્થ કચેરીનાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તબદીલ કરવામાં આવેલ અરજી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(ઈલે.એન્ડ સેન્સસ) ખાતા ધ્વારા સ્વીકારવામાં ન આવતા તે અંગે સક્ષમ સત્તાનાં ધ્યાને લાવી યોગ્ય માર્ગદર્શન નિર્ણય મેળવી વહીવટી હિત જાળવી શકાયું હોત અને અરજદારને સમયમર્યાદામાં માહિતી પુરી પાડી શકાય હોત.

આમ છતાં નાયબ કમિશનરશ્રી તરફથી તા.૦૮/૦૮/૨૦૧૨ ના પત્ર નં.સી/ડીસી/૧૫૧૩ થી અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવી હોય વિશેષ કશું કરવાનું રહેતું ન હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી ડી ઓઝા)
અપીલ સત્તાધિકારી અને
ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(મધ્યસ્થ કચેરી)
સુરત મહાનગરપાલિકા

નં.સી/૧૬૨૩
તા.૨૨/૦૮/૨૦૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશનરશ્રી પ્રતિ,... જાણ માટે.
(૨) પ્રથમશ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી(મધ્યસ્થ કચેરી) પ્રતિ,... જાણ તથા અમલ માટે.
(૩) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર પ્રતિ,... જાણ સારું.